

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*હવે લેખિત અરજીઓ પર તો એ ચૂરકે છે,*
*ધરણા અને અપવાસ પર તો એ મૂરકે છે!*
*ઘૂરકે દાંતીયા કરી, રૂબરૂ દર્શન પામો તો -*
*આત્મદાહ થઈ જાય પછી જ એ ફરકે છે!!*
*(પ્રજા વત્સલ પ્રધાનો...)*

### હાઈકુ

*છે ઉલ્ટી ગંગા !*
*આજ્ઞા ન માનનારા -*
*ચઢે ફાંસીએ...*
*(જજોની બદલી કે મોત...)*

*લમણે ગોળી,*
*આપી દો ક્લીનચીટ -*
*ને કરો 'ન્યાય'!!*
*(ન્યાય પર અંકૂશ)*

### ચિંતન

*હરિજન ઐસા ચાહિયે, જૈસા ફોફલ ભંગ,*
*આપ કરાવે ટુકડા, (ઔર) પર મુખ રાખે રંગ*

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**કબીર કહે છે કે વૃક્ષ જેમ ટાઢ, તડકો અને વરસાદ સહન કરીને પણ તેના આશ્રયમાં આવનારને શીતળતા આપે છે તેમ સાચા સંતો તેના અનુયાયીઓને સાચું જ્ઞાન અને ખરી પ્રભુ ભક્તિનો ઉપદેશ આપી તેમને સન્માર્ગ બતાવે છે સંતો એટલે હરિજનો વિશે કબીર આગળ કહે છે કે હરિજન તો એવો હોય કે જાણે ફોફળ એટલે ભાંગેલી સોપારી જોઈ લો, પોતાના ટુકડા થશે તે સહન કરીને પણ અન્યને ફાયદો જ કરાવશે. જન સેવા એ જ એમનો ધર્મ હોય છે. જનસેવા એ જ પ્રભુ સેવા તેમ ખરા હરિજનો માને છે.**

### સુવિચાર

- મુઠ્ઠીભર હૈયું અને ખોબા ભર પેટ, મુદ્દા તો બે જ પણ કેટકેટલી વેઠ - **એસ. ભટ્ટાચાર્ય**
- સારી રીતે જીવ્યા વિના સારી રીતે મરી શકાતું નથી એટલે સારી રીતે મૃત્યુ મેળવવાની કળામાં સારી રીતે જીવવાની કળાનો પણ સમાવેશ થઈ જાય છે - **ભૂપત વડોદરિયા**
- તબિયતની તકેદારી એ પણ સોનાની કટારી જેવી છે - તે ભેટમાં શોભે પેટમાં નાખીએ તો મરી જવાય - **કાંતિ ભટ્ટ**
- આશા એવી સમજણ સાથે કરવી કે આશાને સફળ કે નિષ્ફળ કરનારી જે કોઈ શક્તિ છે તેણે જરૂર આપણું હિંત જોઈને જ એ નિર્ણય કર્યો હશે - **શાહબુદ્દીન રાઠોડ**
- ગણતરી કરીને જીવવાથી પણ આખરી ઘડી સુધીના સુખનું કોઈ આયોજન શક્ય નથી - **મુંબઈ સમાચાર**
- હું 'મને કોઈક તો સમજો' નું જાહેરનામું બહાર પાડુ છું, પણ હું ખુદ મને પોતાને સમજું છું - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : હાથ-પગ ઉપર ખમણેલા નારિયેરના છીણને મસાજ કરવાથી મૃત ત્વચા દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્વામી રામદાસ પાસે એક ભગત આવ્યો. મોઢાના ભાવ જોઈ સ્વામી રામદાસે પૂછ્યું, 'ભગત, કંઈ ગડમથલમાં છો ?' ભગતે કહ્યું, સ્વામી, મને ઘણા વખતથી થયા કરે છે કે ભગવાન છે ખરો ? સ્વામીજીએ ભગવાનને ધરાવેલા બુંદીના લાડવામાંથી એક લાડવો થાળીમાં લીધો. અને એ લાડુને ભૂકો કરી ભગતને પૂછ્યું,

'આ લાડુની બધી બુંદી છૂટી પડી ગઈ છે પણ હજી તેની મીઠાશ તો છે જ ને ?' ભગતે કહ્યું, 'સ્વામીજી, ભલે ને લાડુ તો ભૂકો થઈ જાય એની મિઠાશ તો અકબંધ જ રહે ને' સ્વામીએ કહ્યું, 'ભાઈ, બુંધી છૂટી પડવાથી કે ભૂકો થવાથી પણ લાડુની મીઠાશ ઓછી નથી થઈ. તો હવે એટલું કહો કે આ લાડુની મીઠાશ ને તમે જોઈ શકો છો ? જો જોઈ શકો તો મને પણ બતાવો...'

ભગતે કહ્યું, 'લાડુની દરેક બુંદીમાં મીઠાશ ફેલાયેલી છે જે હું તમને બતાવી શકું તેમ નથી.' ત્યારે સ્વામીજીએ ભગતને સમજાવતા કહ્યું, 'ભગવાન પણ એવી જ રીતે ઠેર-ઠેર ફેલાયેલો છે જે એનો સ્વાદ ચાખે એ જ માણી શકે.'

ભગતે સ્વામીની વાત સ્વીકારી વંદન કરી બુંદી પ્રસાદ લઈ વિદાય થયો.

# રાજકારણ નૈતિક વિનિપાતના માર્ગે

**તંત્રીસ્થાનેથી...**

રાજયસભાની વ્યવસ્થા મૂળે બ્રિટીશ પાર્લામેન્ટની 'હાઉસ ઓફ લોર્ડઝ્'નું આંશિક અનુકરણ છે. બ્રિટીશ પાર્લામેન્ટ પ્રતિષ્ઠિત અને મૂઠી ઊંચેરા નાગરિકો માટે 'લોર્ડ' જેવી સંજ્ઞા વાપરે છે. સામાન્ય રીતે વિદ્વાનો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો અને કોઈ કારણસર સીધી ચૂંટણી લડીને સંસદમાં આવવાની ક્ષમતા નહીં ધરાવતા પ્રબુદ્ધજનો તથા શ્રેષ્ઠીઓને 'લોર્ડ' નું બહુમાન આપી સંસદના ઉપલા ગૃહમાં બેસાડે છે. વળી એમને આજીવન સાંસદપદ અપાય છે. ભારતના રાજબંધારણમાં રાજયસભાના એક તૃતીયાંશ સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે. આમ લોકસભામાં ચૂંટાયેલા સાંસદને પાંચ વર્ષ મળે છે જયારે ધારાસભ્યોના મતોથી ચૂંટાયેલ અથવા રાષ્ટ્રપતિ દ્વારા મનોનીત રાજયસભાના સભ્યોની મુદત છ વર્ષની હોય છે. મૂળ આશય આપણા દેશના પ્રબુદ્ધ જનો અને મહાજનોને સાંસદમાં લઈ જઈ એમના વિશાળ અનુભવ અને જ્ઞાનનો લાભ મેળવવાનો હતો. પરંતુ કાળક્રમે એ ઉદ્દેશ હાંસિયે ધકેલાઈ ગયો છે અને રાજયસભામાં પણ એવા સભ્યોનો સમાવેશ કરવાની કૂટનીતિ અપનાવાઈ રહી છે જે પ્રાદેશિક ચૂંટણીઓમાં તથા લોકસભાની ચૂંટણીમાં પોતાના જ્ઞાતિસમાજ કે આર્થિક પ્રભાવ ને કારણે પાર્ટીને મદદરુપ બની શકે. એમાં પણ ધર્મ, સંપ્રદાય અને પ્રદેશ તથા જ્ઞાતિ સંતુલનનાં સમીકરણો લાગુ પડાવા લાગ્યાં છે. મહિલાઓ, અનુસૂચિત જાતિ-જનજાતિ અને પછાત વર્ગો ઉપરાંત આગામી ચૂંટણીઓ વખતે ખપ લાગે એવાં નટ-નટીઓને રાજયસભાની ટિકિટો આપી દઈ પોતાની વોંટબેંક મજબૂત કરવાનો પ્રયાસ છેક ઈંદિરાકાળથી શરૂ થયેલો જે નરેન્દ્ર મોદીના શાસન દરમિયાન પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. કોંગ્રેસે એનાં ધોરણોમાં ઢીલ મૂકી હોઈ એને મોદી-શાહના વ્યૂહાત્મક રાજકારણની ટીકા ટિપ્પણ કરવાનો અધિકાર નથી રહેતો. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટી કે રાજદ-જદયુ જેવી પ્રાદેશિક રાજકીય પાર્ટીઓ પોતપોતાની રાજકીય ગણતરીઓ મુજબ રાજયસભામાં પોતાનાં મહોરા ગોઠવતી રહે છે. સત્તાના દલાલો અને વેપારધંધાના માલેતુજાર પ્રતિનિધિઓથી રાજયસભા ખદબદી ઊઠી છે. તાજેતરમાં સમાજવાદી પાર્ટીના નિવૃત્ત થઈ રહેલા રાજયસભાના સાંસદ નરેશ અગ્રવાલને બાજુએ હડસેલી અખિલેશ યાદવના નેતૃત્વવાળી સમાજવાદી પાર્ટીએ નિવૃત્ત થઈ રહેલાં રાજયસભાનાં સાંસદ અને અમિતાભ બચ્ચનનાં ધર્મપત્ની જયા બચ્ચનને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં જેથી નારાજ થયેલ નરેશ અગ્રવાલે રાતોરાત ભાજપનો ખેસ પહેરી લઈ રાજયસભાની ઉમેદવારી હાંસલ કરી દીધી છે. નરેશ અગ્રવાલે સપાના મહામંત્રી તરીકે આરએસએસ અને ભાજપને ભાંડવામાં બાકી રાખ્યું નહોતું. એમણે રામ અને વિષ્ણુ ઉપરાંત જગજનની જાનકીની હલકી મજાક ઉડાવી હતી. ગૌરક્ષાનો વિરોધ કર્યો હતો. આવા નરેશ અગ્રવાલને ભાજપે પોતાના પાલામાં સમાવી નૈતિક અધઃપતનનો જ વિક્રમ સર્જ્યો છે. નરેશ અગ્રવાલે એમના ચબરાકીપણાનો પરચો આપતાં જયા બચ્ચનને નાચનારી કહીને સમસ્ત કલાજગત અને મહિલા જગતનું પણ ઘોર અપમાન કર્યું છે. આવા લોકોને રાજયસભાની ટિકિટ આપીને મોદી શું સિદ્ધ કરવા માગે છે ? રાજકારણનું સ્તર મોદી શાસનકાળમાં જે હદે નીચું ઉતર્યું છે તેની ઈતિહાસ પણ નોંધ લેશે. સામા પક્ષે રાહુલ ગાંધીએ ગુજરાતના ધુરંધર નેતાઓને કોરાણે મૂકી અમીબહેન યાજ્ઞિક જેવા ધારાશાસ્ત્રીનો રાજયસભાની ટિકિટ આપી એમની ઈમેજ સુધારી છે. એથી કોંગ્રેસ ઉજળિયાતોનો વિરોધી પક્ષ હોવાની છાપ પણ ભૂંસાશે. અલબત્ત, નારણ રાઠવા જેવા પીઢ આદિવાસી નેતાને ટિકિટ આપીને કોંગ્રેસે જ્ઞાતિ સમાજ અને પાર્ટીની વોટબેંક મુદ્દે પણ સંતુલન સાધ્યું છે.

# શું તમે ભસ્મ ચિકિત્સા વિશે જાણો છો?



**પહેલું સુખ તે જાતે નર્યા**

**ડૉ. કેદાર ઉપાધ્યાય**

આજકાલ આયુર્વેદમાં હેવી મેટલ્સના નામે જબરૂ તૂત ચાલ્યું છે. આ હેવી મેટલ્સ આપણા શરીરને ચોક્કસ નુકસાનકારક છે. પણ જો તેને યોગ્ય રીતે પ્રોસેસ કરીને નિયત માત્રામાં આપવામાં આવે તો આ જ હેવી મેટલ્સ શ્રેષ્ઠ ઔષધની ગરજ સારે છે. હેવી મેટલ્સની આ પ્રોસેસ એટલે ધાતુઓની ભસ્મ.આયુર્વેદ ની વાત આવે ત્યારે સામાન્યતઃ વિવિધ ઓસડીયા નો જ ખ્યાલ આવે. ઔષધિઓ એટલે વિવિધ વૃક્ષો – વનસ્પતિઓ ના અંગોમાંથી બનાવેલ દ્રવ્યો એમ જ થાય. આપણામાંથી ઘણા લોકોને એ ખ્યાલ નહિ હોય કે આયુર્વેદ એ ફક્ત ઔષધો પુરતું સીમિત નથી. વનસ્પતિ ઉપરાંત બીજા અનેક સ્રોતોમાંથી દવાઓ બનાવવામાં આવે છે. આજે આપણે એક એવા જ સ્રોત વિષે વાત કરવાના છીએ.

આ સ્રોત એટલે ધાતુઓ. આયુર્વેદ ઉપરાંત ઈજીપ્ત અને ચાઈનીઝ સંસ્કૃતીમાં પણ ધાતુઓનું ઔષધો તરીકે વર્ણન છે. પ્રાચીન રોમ, ગ્રીસ, આરબ, પર્શીઆ આદી અનેક દેશોમાં સુવર્ણનો ઔષધ તરીકે ઉપયોગ થતો. આયુર્વેદમાં ચરકસંહિતા અને સુશ્રુતસંહિતામાં ધાતુઓની ભાસ્મોનો ઉલ્લેખ છે. આ ઉપરાંત રસશાસ્ત્ર સબંધિત અનેક આયુર્વેદીય પુસ્તકો-ગ્રંથોમાં ધાતુઓના ઔષધીય ઉપયોગોનું વિષદ વર્ણન છે.

જ્યારે ધાતુઓને ઔષધ તરીકે ઉપયોગ કરવાની વાત આવે ત્યારે કોઈ પણ ધાતુને મૂળ સ્વરૂપે એટલે કે જેવી હોય તેવા જ સ્વરૂપે ઔષધ તરીકે લેવામાં આવતી નથી. સૌ પ્રથમ ધાતુને વિશિષ્ટ પ્રક્રિયા દ્વારા શોધિત કરવામાં આવે છે. ત્યારબાદ આ ધાતુને ભસ્મમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ પ્રક્રિયાને ધાતુનું મારણ કહે છે. વિવિધ ધાતુઓના મારણ માટે અલગ અલગ પ્રકારની વિધિઓ હોય છે. ધાતુનું મારણ થયા બાદ તે ભસ્મ સ્વરૂપમાં રૂપાંતર પામે છે. ત્યારબાદ આ ભસ્મને શુદ્ધ કરવા માટે તેનું અમૃતીકરણ અકરવામાં આવે છે. અમૃતીકરણ થયા બાદ આયુર્વેદમાં વર્ણિત વિવિધ ભસ્મ પરિક્ષાઓ દ્વારા આ ભસ્મની ચકાસણી કરવામાં આવે છે. આ બધી જ પરીક્ષાઓમાથી જે ભસ્મ પસાર થાય તેને જ ચિકિત્સા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઉપરોક્ત વિધિ મુજબ સુવર્ણ, ચાંદી, તામ્ર, જસત આદી ધાતુઓ તેમજ પ્રવાલ, શંખ, મુકતા આદી બીન્ધાતુ પદાર્થોની ભાસમાં તૈયાર કરવામાં આવે છે.

ભસ્મ પ્રભાવશાળી છે. તે વનસ્પતિ કરતા ઝડપથી પરિણામ આપે છે. તે જુના હઠીલા અને અસાધ્ય ગણાતા રોગોમાં પણ ઉત્તમ પરિણામ આપે છે. મગજને લગતા રોગો, પક્ષાઘાત, આમાવાત, ધાતુ દોષ, માનસિક રોગો, ચેતાતંત્રને લગતા રોગો આદી અનેક રોગોમાં ભસ્મો ચમત્કારિક પરિણામો આપે છે.

ભસ્મો રસાયણ તરીકે કામ કરે છે. સુવર્ણ ભસ્મ શ્રેષ્ઠ રસાયણ તેમજ મનને પોષણ આપનાર છે. નાના બાળકોને પણ સુવર્ણપ્રાશન વડે સુવર્ણ ભસ્મ આપવામાં આવે છે, જેનાથી બાળકની શારીરિક માનસિક ક્ષમતા વધે છે. તેની રોગ પ્રતિકારક ક્ષમતા વધે છે અને બાળક તેજસ્વી બને છે. અભ્રક ભસ્મ અબરખમાંથી તૈયાર કરવામાં આવે છે. તે શ્વાસના રોગોમાં ખૂબ ફાયદાકાર છે. તે ફેફસાને પોષણ આપે છે. મોતી તેમજ ચાંદીની ભસ્મો સ્વભાવે ઠંડી છે. તે પિત્તના રોગોમાં ફાયદાકાર છે.

આ ભસ્મોનું શુદ્ધિકરણ થયેલ હોય અને તે નિયત માત્રામાં લેવામાં આવે તો ખૂબ ફાયદાકારક છે. અશુદ્ધ ભસ્મ અને યોગ્ય માત્રામાં ન લેવાયેલ ભસ્મ શરીરને નુકસાન પણ પહોચાડી શકે છે. આથી ભસ્મોનું કે ભસ્મોના યોગોનું સેવન વૈદ્યકીય માર્ગદર્શન હેઠળ જ કરવું જોઈએ.

- contact@atharvaayu.com

# સુરેશ દલાલના વિચારોનો વૈભવ





**મનના ઉમંગો**

**રણછોડ પરમાર**

**// મણકો–૫ //**

**(૧) જ્યારે જ્યારે આકાશમાં વીજળી જોઉં છું ત્યારે થાય છે કે પરમાત્મા પોતાના હસ્તાક્ષર આપી રહ્યા છે.**

**- અનામી**

આ છે તો કોઈ કવિની પંક્તિ,પણ કોની છે તે યાદ નથી, એટલે અનામી.

આપણા કવિ નલિન રાવળે વર્ષો પહેલાં એક પોષ્ટકાર્ડમાં આ પંક્તિ મોકલી હતી.

પરમાત્મા છે કે નહીં અને હોય તો કેવા છે એ સૌ સૌની માન્યતા, અટકળ, કલ્પના, અનુભવ, અનુભૂતિ, અને શ્રધ્ધાનો વિષય છે.

વર્ષો પહેલાં વિજ્ઞાનના એક વિધ્યાર્થીએ મને પ્રશ્ન ઊછ્યો હતો કે.'' તમે ઈશ્વરમાં માનો છો ?'' મારો તત્કાલ જવાબ એ હતો કે, '' હું એમ કહું કે હું માનું છું, તો તમારા જીવનમાં ફેર પડશે ? અને .... એમ કહું કે નથી માનતો, તો પણ તમારા અભિગમમાં કયો ફેર પડવાનો?''

આ તો તદ્દન અંગત વાત છે અને તર્કની પેલે પારની વાત છે. હદની નહીં અનહદની વાત છે આ અને પ્રત્યેક તર્કના ચીપિયા વડે એને પકડાય નહીં.

મને એમ થાય કે, પુસ્તકનો કોઈને કોઈ લેખક હોય છે, તો વિશ્વના આ વિરાટ ગ્રંથનો શું કોઈ સર્જક જ નહીં હોય ! શેક્સપિયર જેમ વિરાટ નાટ્યસૃષ્ટિ સર્જીને ક્યાંક છુપાઈ ગયો'તો તેમ, ઈશ્વર પણ આ વિશ્વનો બગીચો રચી ક્યાંક છુપાઈ ગયો છે. ફૂલ અને તારા, શિખર અને ખીણ, સરિતા અને સાગર- આ સર્વેનું સર્જન કર્યું, પણ એ નામ લોભિયો નહોતો, એટલે ક્યાંય પણ પરમાત્માએ પોતાની સહી કરી નથી.

આ સહી ન કરીને પણ સહી કરી જ છે.

મનુષ્ય પાસે એક પડકાર મૂક્યો કે લખેલું તો બધા વાંચે. ન લખેલું વાંચે અને રહસ્યને ઉકેલે અને પામે તે રહસ્યવાદી.

ઈશ્વરની સૃષ્ટ ભેદી નથી પણ રહસ્યમયી છે; એટલે તો એ રસમયી છે.

જાણીતા તત્વચિંતક બર્ટ્રાન્ડ ના નામે એક વાત વહેતી થઈ છે.

એમણે પોતે તો પરમાત્માને નામે ચોકડી મૂકી દીધી હતી.

કહેવાય છે કે મૃત્યુ વખતે મુખમાંથી '' હે પરમાત્મા'' એવો ઉદગાર સરી પડ્યો.

અંતિમ ક્ષણે પાસે પાદરી ઊભો હતો એને નવાઈ લાગી.

એ તો આવ્યો હતો અંતિમ પ્રાયશ્ચિત કરાવવા માટે.

પણ ખુદામાં ન માનતા બર્ટ્રાંડ રસેલને પ્રાયશ્ચિતનું પણ કહેવાય કેમ ?

પરમાત્માનો ઉદગાર સાંભળી ને પાદરીને હિંમત આવી એટલે પૂછ્યું:'' શું તમે પરમાત્મામાં માનો છો ? હું તો પ્રાયશ્ચિત કરાવવા આવ્યો છું.''

રસેલે કહ્યું,'' ઘેર આવેલા મહેમાનને જાકારો ન દેવાય એટલે પ્રાયશ્ચિત કરી લઉં છું.''

પછી કહ્યું : ''હે પરમાત્મા, જો કોઈ પરમાત્મા હોય તો મારા આત્માને ક્ષમા આપજે.''

કોઈ મારો આત્મા હોય તો રસેલે નકારીને પણ કદાચ ઈશ્વરનો સ્વીકાર કર્યો હોય.

એ તર્કવાદી વિશેષ એટલે એમનો અભિગમ નાસ્તિકનો રહ્યો,મારું અસ્તિત્વ એજ પરમાત્માની કૃપા છે. આ ચર્ચાનો નહીં, આસ્થાનો વિષય છે.

આ વિષય પણ નથી- સજાગ જીવનનો અભિગમ છે.

હું તો એટલું સમજું કે પ્રત્યેક જીવ એ પરમાત્માનો અંશ છે, વંશ છે.

જે પામરમાંથી પરમ તરફ જાય છે એ પરમાત્મા, પરમ આત્મા.

ખુદ હોય તો ખુદા કેમ હોય ?

**(૨) ધર્મની અપૂરતી સમજ સિવાય ધર્મને વિશેષ કશાનો ભય નથી.**

**-સ્ટેઈનસ્લો**

સત્તરમી સદીમાં લખાયેલું આ વાક્ય આજે પણ સાચું લાગે છે.

ધર્મની પૂરતી સમજ ના હોય એનો અર્થ એટલો જ થયો કે,ધર્મની ગેરસમજ છે. માણસને એક જ ધર્મ હોઈ શકે છે અને તે છે માણસાઈ.

અમેરિકાના કવિ વોલ્ટ વ્હિટમેને એક કાવ્યમાં આવું લખ્યું છે.

મને પશુઓ ગમે છે, કારણ કે, પશુઓ ધર્મની ચર્ચા નથી કરતાં.

આપણે અધર્મની કક્ષાએ ધર્મની ચર્ચા, વાદવિવાદ, ટંટાફિસાદ,હુલ્લડો ઝનૂનપૂર્વક કરીએ છીએ.

સાચો ધર્મ માણસને સ્વસ્થ બનાવે, સમતોલ બનાવે.

ઝનૂન પ્રવેશે એટલે ધર્મ સ્વમાનપૂર્વક ત્યાંથી પોબારા ગણી જાય.

ધર્મ માણસને નમ્ર બનાવે, જેવું ધર્મનું અભિમાન આવ્યું કે ધર્મ નમ્રતાપૂર્વક આઘો ખસી જાય. કોઈ મંદિર બાંધે, કોઈ મસ્જિદ બાંધે , કોઈ દેવળ બાંધે, પણ જો આ બાંધકામમાં માણસ જ ભાંગતો હોય તો આવા બાંધકામની કોઈ જરૂર ખરી?

ધારિક સ્થળ અધાર્મિકતાનો અડ્ડો બને તો પૂજા, પ્રાર્થના, બંદગી આ બધાનો શો અર્થ ? મંદિર , મંદિર, અસ્જિદ, દેવળ આ બધા તો ધર્મના પોશાક છે, પણ ધર્મ નથી- આપણા વસ્ત્રો જેમ આપણે નથી તેમ.

ક્યારેક એવો વિચાર આવે છે કે જ્યાં જ્યાં ધર્મસ્થાનો છે ત્યાં ત્યાં કેવળ એક ધ્યાનખંડ હોવો જોઈએ; જ્યાં શાંતિથી બેસીને કોઈ પ્રાર્થના કરી શકે, કોઈ નમાજ પઢી શકે. શબ્દો પણ નહીં, કેવળ મૌન. કોઈ ક્ક?ક્કમૂર્તિ કે છબી પણ નહીં. આપણે સૌએ પરમતત્વ સાથે જોડાવું હોય તો ને ?

**(વિચારોનો વૈભવ-સુરેશ દલાલ પ્રકરણ- ૨૦૬. પૃષ્ઠ-૨૭૫ )**

# નતમસ્તક છું હે ઈશ્વર... તારી કરામત જોઈને ! હસવા મોંઢું એક આપ્યું...ને રડવા આંખો બે



**લાગણીનો મેળો**

**રસિક વાળંદ**

નતમસ્તક છું. હે ઈશ્વર...
તારી કરામત જોઈને !
હસવા મોંઢું એક આપ્યું...
ને રડવા આંખો બે

● ● ●

નગર શેઠનો માનીતો સેવક સિકંદર કાજી, વફાદારી અને પ્રામાણિકતાનો સાક્ષાત્ અવતાર. કાજી ભાઈ શેઠનો ખાસ માણસ... પરિવારનું અભિન્ન અંગ હતો. મામૂલી વેતનમાંયે ભર્યું ભર્યું જીવે... પ્રસંગોપાત શેઠ મદદ પણ કરે... સમય જતાં કાજીભાઈના દીકરા કમાતા ધમાતા થયા. ગરીબ પરિવાર બે પાંદડે થયો. કાજીને મન શેઠનો પરિવાર એ જ દુનિયા એ જ દુનિયા. નગરશેઠની હવેલીમાં જ જિંદગીનાં રૂપાળાં વર્ષો ખર્ચી નાખ્યાં... શેઠના અવસાન પછી શેઠનો પરિવાર ગામડું છોડી શહેરમાં વસ્યો. જૈફ વયે કાજી એકલો પડ્યો. શેઠનાં સંભારણાં હૈયે ધરબી શાનથી જીવ્યો... આજે શેઠ પણ નથી ને કાજી પણ...છતાં લોક વાયકા જેવાં આ બંને પાત્રો લોકહૈયે જીવતાં છે.

ખમતી ધરની ઓથને - ઉજળી ગરીબાઈની ખાનદાની આજે તો કાળની ગર્તામાં દટાઈ ચૂકી છે. આજે તો પોષક શોષક સાબિત થયો છે. પેલો ઉપરી અધિકારીઓ તો ચોથા વર્ગના કર્મચારીને 'માણસ' તરીકે જોતા જ નથી. શોષણની સાથે તો તોછડાઈ ભરી અભદ્રતા તો ખરી જ. ઑફિસના કામ સાથે એ ઘરનાં કામ કરવા માટે બંધાયેલો. બિચારો - બાપડો - દબાયેલો સેવક ઉપરની શેહમાં ન ગમતું ય કરવા લાગે. એની નમ્રતા નબળાઈમાં ખપે. વિનય-વિવેક દાખવવામાં વેતરાતો રહે. નબળાને નીચોવવામાં આજના ખંધા બહુ પાવરફુલ...

દોસ્તો, આવાં દશ્યો સમાજના નેપથ્યે કાયમ ભજવાતાં જ રહે છે. મેં પણ મારી સગ્ગી આંખે આ બધું ભાળ્યું છે...!

કયાં બે વીતી ગયેલા જમાનાની ગામઠી પ્રાકૃતજનોની ઉદાત્ ભાવનાને કયાં આજના ભણેલા ગણેલા સર્વવાતે સંપન્ન ભડવીરોની નિમ્ન કોટિની ભદ્રતા !!

મિત્રો ! એક દૃષ્ટાંત કથા યાદ આવે છે;

એક વખત એક ખેડૂતનો ઘોડો બીમાર પડી ગયો. તેણે તેની સારવાર માટે ડૉકટરને બોલવ્યો...ડૉકટરે ઘોડાની બરાબર તપાસ કરી અને બોલ્યા. 'તમારા ઘોડાને ગંભીર બિમારી છે. આપણે ત્રણ દિવસ દવા આપીને જોઈએ જો ઠીક થઈ ગયો તો ઠીક નહીં તો આપણે તેને મારી નાખવો પડશે. કેમ કે આ બીમારી બીજા પ્રાણીઓમાં પણ ફેલાઈ શકે છે... આ વાત બાજુમાં ઊભેલો એક બકરો સાંભળી રહ્યો હતો. બીજા દિવસે ડૉકટર આવ્યા. તેણે ઘોડાને દવા આપીને જતા રહ્યા. તેમના ગયા પછી બકરો ઘાડની પાસે આવ્યો અને બોલ્યો; 'ઉઠ દોસ્ત... હિંમત કર નહીં તો આ તને મારી નાખશે.'

બીજા દિવસે ડૉકટર ફરી આવ્યા અને દવા આપીને જતા રહ્યા. બકરો ફરી ઘોડા પાસે આવ્યો અને બોલ્યો, 'દોસ્ત તારે ઊઠવું જ પડશે, હિંમત કર નહીં તો તું માર્યો જઈશ. હું તને મદદ કરું છું. ચાલ ઉઠ...'

ત્રીજા દિવસે જયારે ડૉકટર આવ્યા તો ખેડૂતને કહ્યું, 'મને દુઃખ છે કે આપણે તેને મારી નાખવો પડશે કેમ કે તેનામાં કાંઈ સુધારો દેખાતો નથી. જયારે તેઓ ત્યાંથી ગયા તો બકરો ઘોડા પાસે ફરી આવ્યો અને બોલ્યો, 'જો દોસ્ત તારા માટે હવે કરો કે મળો વાળી સ્થિતિ આવી ગઈ છે. જો તું આજે પણ નહીં ઊભો થાય તો કાલે તું મરી જઈશ. એટલે હિંમત કરો... યસ, ખૂબ સરસ... થોડી વધારે... તું કરી શકે છે... શાબાશ... હવે ભાગીને જો... ઝડપી...

એટલામાં ખેડૂત પાછો આવ્યો તો તેણે જોયું કે તેનો ઘોડો ભાગી રહ્યો છે, તે ખુશીથી ઝૂમી ઊઠ્યો અને... બધા ઘરવાળાને ભેગા કરી કહેવા લાગ્યો. ચમત્કાર થઈ ગયો, મારો ઘોડો સાજો થઈ ગયો, હવે આપણી ઉજાણી કરવી જોઈએ. આજે બકરો કાપીને ઉજાણી કરીએ.

દોસ્તો, મોટે ભાગે મેનેજમેન્ટ જાણતું જ નથી હોતું કે કયો કર્મચારી ખરેખર કામ કરી રહ્યો છે... જે કામ કરે છે તેનું જ કામ તમામ થઈ જાય છે.

સ્પર્શમણિ :

જિંદગીની સ્ક્રિન જયારે લૉ બૅટરી દર્શાવે અને પોતાના કહી શકાય એવા સંબંધોનું ચાર્જર ના મળે ત્યારે જે પાવર બૅંક બનીને તમને ઉગારી જાય એનું નામ મિત્ર.

● ● ●

કોઈ એવું સ્ટેથોસ્કોપ શોધાય તો કેવું સારું... કે જેમાં ધબકારાની સાથે વેદનાય સંભળાય.

- rasikvaland1965@gmail.com